શોપ ફોજદારી કેસ નં.૨૪/૨૦૧૬

## આંક–૧ તળે હુકમ.

આજરોજ નામદાર ગુજરાત કાનુની સેવા સતા મંડળ, અમદાવાદના પત્ર ક્રમાંક ૧૭૮/૨૦૧૮ તા.૨૩/૦૧/૧૮ ના પત્રમા આપવામા આવેલ સુચનાઓ મુજબ તથા નામદાર જીલ્લા ન્યાયાલય, રાજકોટના પત્ર ક્રમાંક ૨૦/૨૦૧૮, તા.૨૪/૧/૨૦૧૮ અન્વયે અત્રેની કોર્ટમા પેન્ડીંગ પેટી કેસીસ, ટ્રાફીક કેસો તેમજ ડોરમેન્ટ ફાઈલ પર મુકેલ કેસો વિગેરેના યોગ્ય નીકાલ માટે તથા ફો.કા.અ.ની કલમ–૨૫૮ હેઠળ ડેડવુડના સ્ટોપ પ્રોસીડીંગ્ઝ માટે તેમજ ફો.કા.અ.ની કલમ–૩૨૧ અન્વયે ફરીયાદપક્ષે કેસો પરત ખેચવા તથા પ્લી બારગેઈનીંગથી કેસો નીકાલ કરવા માટે અત્રેની અદાલતની સ્પેશ્યલ સીટીંગ રાખવામા આવેલ છે.

સદર કામનું કેસ રેકર્ડ આજરોજ સ્પેશ્યલ સીટીંગ દરમ્યાન હાથ પર લઈ વંચાણે લીધુ. સદર કામ આરોપી સામેનો ગુનો ધ્યાને લેતા આરોપી સામે શોપ એન્ડ એસ્ટાબ્લીસમેન્ટ એકટની કલમ–૫૨(અ), ૫૨(બ), ૫૨(ઈ) હેઠળના ગુનાનો આક્ષેપ છે તથા સદર ગુનો સમન્સ ટ્રાયેબલ ગુનો છે તેમજ આરોપી સામે તા.૧૬/૫/૧૬ ના રોજ ફરીયાદ દાખલ થયેલ છે. તથા આ ફરીયાદ દાખલ થયા બાદ આરોપીને અદાલત સમક્ષ હાજર રાખવા સમન્સ/વોરંટ કાઢવા છતા આરોપીને હાજર રાખવામા પોલીસ એજન્સી સદંતર નીષ્ફળ રહેલ છે. વધુમા ક્રિમીનલ રીવીઝન એપ્લીકેશન નં.૬૫૬/૯૯, સ્ટેટ ઓફ ગુજરાત વિ. કે. હરખાણીમાં પ્રોસીકયુશન તરફે આરોપીઓને કાઢવામા આવેલ પ્રોસેસની બજવણી કરવામાં નિષ્ફળ નીવડેલ હતા તેમજ કોર્ટ દ્વારા પણ પ્રોસેસની બજવણી કરવાના પ્રયત્નો કરવામાં આવેલ. જેથી બજવણી થઈ શકેલ નહી. જેથી ફરીયાદીને આરોપીને પ્રોસેસ સર્વ થયાથી ફરીયાદ ચાલુ રાખવાનો અધીકાર સુરક્ષીત કરી ફરીયાદની કાનુની પ્રક્રિયા સ્થગીત કરવાનો હુકમ કરવામા આવેલ હતો. જે હુકમ નામદાર હાઈકોર્ટ દ્વારા કન્ફર્મ કરવામાં આવેલો. સદર નામદાર ગુજરાત હાઈકોર્ટનો હુકમ ધ્યાને લેતા હાલના કેસમાં

પણ આરોપીને અત્રેની કોર્ટ દ્વારા પ્રોસેસ ઈસ્યુ કરવામાં આવેલ. જે વગર બજે આંક–.... થી રજુ છે. જેની સાથે નિવેદન પણ રજુ છે. જેમાં શોપ નં.૧૧૩ વાળી દુકાન તેઓની બાજુમા આવેલ છે અને છેલ્લા આઠેક માસથી બંધ હોવાનુ જણાવે છે. વિપુલ મધુસુદન સંપટને ઓળખતા ન હોવાનુ જણાવે છે. જેથી આરોપી વિરૂધ્ધની ન્યાયીક કાર્યવાહી વિના વિલંબે આગળ ચલાવવી અત્યંત મુશ્કેલ અને અશકય જણાતુ હોય અને આરોપી સામેનો કેસ ઘણા સમયથી ચાલતો હોવા છતા આરોપીને હાજર રખાવી શકેલ ન હોય તથા નજીકના ભવીષ્યમા આરોપી મળી આવે તેવી કોઈ શકયતા જણાતી ન હોય જેથી આવા અસામાન્ય તથા વિશીષ્ટ સંજોગોમા આરોપી વિરૂધ્ધની ન્યાયીક કાર્યવાહી વીના વીલંબે આગળ ચલાવવી અત્યંત મુશ્કેલ અને અશકય જણાતુ હોય ફો.કા.અ.ની કલમ–૨૫૮ અન્વયે ન્યાયના વિશાળ હિતમા નીચે મુજબનો હુકમ કરવામા આવે છે.

## હુકમ

(૧) આથી ફો.કા.અ.ની કલમ–૨૫૮ અન્વયે આરોપી સામેની કાર્યવાહી પડતી મુકી કાર્યવાહી બંધ કરવાનો હુકમ કરવામા આવે છે.

(૨) વધુમા એવો હુકમ કરવામા આવે છે કે, આરોપી જયારે મળી આવે ત્યારે તેઓ સામેની ન્યાયીક કાર્યવાહી હાથ ધરવા ફરીયાદપક્ષ ફો.કા.અ.ની કલમ–૩૦૦(૫) અન્વયે કાર્યવહી કરી શકશે.

રાજકોટ.
તારીખ : ૧૦/૦૨/૨૦૧૮

(કપિલ દેવ દ્વિવેદી)
જયુડી.મેજી.ફ.ક,(મ્યુનિસિપલ)
રા જ કો ટ.
(UIC NO.GJ01308)